સુવિચાર : સંતાનોનું ભવિષ્ય કદાચ નિર્માણ ન કરી શકાય પણ, ભવિષ્યનાં સંજોગો માટે સંતાનોને તૈયાર તો કરી જ શકાય - રૂઝવેલ્ટ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૫ | ૬ ડિસેમ્બર, ૨૦૧૫, રવિવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૪ ટકા

ફટાફટ ન્યુઝ

- જીએસટી, અન્ય બિલ હવે ટૂંક સમયમાં જ હાથ ધરાશે
- આફ્રિકા ઉપર ભારતની ૪૦૩ રનની જંગી લીડ
- ચેન્નાઇ પુર : સ્થિતિમાં સુધારો થયા બાદ ફેલાયેલી અંધાધૂંધી
- સમગ્ર ઉત્તર ભારત ઠંડીના સકંજામાં : વરસાદની સંભાવના
- આસામ રાજ્ય બાદ એએપી ધારાભ્યોનો સૌથી વધુ પગાર
- હવે નેતાજીની ફાઇલ જાહેર કરવા માટેની તમામ તૈયારી
- મંદિર નિર્માણ અંગે સંઘ વડાના નિવેદનનું શિવસેના દ્વારા સ્વાગત
- બાંગ્લાદેશ : હિન્દુના ધાર્મિક કાર્યક્રમ સ્થળ બહાર બ્લાસ્ટ
- મોદી સરકારના શાસનમાં શ્રમ કાયદાઓ નબળા થયા : રાહુલના પ્રહાર

ગુવાહાટીમાં બે બોંબ બ્લાસ્ટ

ફેંસી બજારમાં બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ એલર્ટની જાહેરાત : બોમ્બ બ્લાસ્ટની જવાબદારી હજુ કોઈએ સ્વીકારી નથી પરંતુ ઉલ્ફાનો હાથ હોવાની આશંકા : ચાર લોકો ઘાયલ : સાવચેતીના તમામ પગલાઓ લેવાયા

ગુવાહાટી,તા. ૫

આસામના પાટનગર ગુવાહાટીમાં જેલ રોડ સ્થિત ફેંસી બજારમાં ઓછી તીવ્રતાના બે બ્લાસ્ટ થયા બાદ આજે ખળભળાટ મચી ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આ વિસ્ફોટકને કચરાના ઢગલામાં પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા હતા. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લઈને ઉંડી તપાસ હાથ ધરી હતી. ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હજુ સુધી વધારે વિગત મળી રહી નથી પરંતુ આ બ્લાસ્ટ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી. બ્લાસ્ટની પાછળ કોનો હાથ છે તે અંગે માહિતી મળી શકી નથી પરંતુ આ ઘટના પાછળ ઉલ્ફા ત્રાસવાદી સંગઠનનો હાથ હોઈ શકે છે. છેલ્લા દિવસોમાં ઉલ્ફા દ્વારા પુર્વીય આસામમાં હિન્દી ભાષી લોકો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. આ અગાઉ પરેશ પરુઆના નેતૃત્વમાં ઉલ્ફા ત્રાસવાદી સંગઠન એવી ઘટનાઓને અંજામ આપતું રહ્યું છે. વાણિજ્ય પાટનગરમાં આજે કરવામાં આવેલા આ બ્લાસ્ટ ત્રણ મિનિટના ગાળામાં થયા હતા. પ્રાથમિક અહેવાલ મુજબ બે લોકો જે ડસ્ટબિનની નજીક હતા તેમને ઈજા થઈ હતી. પોલીસનું કહેવું છે કે, મંત્રણા વિરોધી ઉલ્ફા ઉપર પ્રાથમિકરીતે શંકા જઈ રહી છે.

● અનુસંધાન પાન-૫ પર

સુષ્મા સ્વરાજ મંગળવારે પાકિસ્તાન પહોંચશે

હાર્ટ ઓફ એશિયા સિક્યુરિટી બેઠકમાં ભાગ લેશે એક દિવસની યાત્રા દરમિયાન સુષ્મા નવાઝ શરીફ, સરતાઝ અઝીઝને મળે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૫

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરજા આઠમી ડિસેમ્બરના દિવસે ઈસ્લામાબાદમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે જનાર છે. સુષ્મા સ્વરાજ હાર્ટ ઓફ એશિયા સિક્યુરિટી કોન્ફરન્સમાં ભાગ લેશે. તેમની સાથે વિદેશ સચિવ એસ જયશંકર પણ ભાગ લેવા માટે પહોંચનાર છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે બન્ને દેશો વચ્ચે આ પ્રથમ મહત્વપૂર્ણ બેઠક છે. આ વર્ષે જુલાઈમાં ઉફામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ મળ્યાહતા. સુષ્મા સ્વરાજ આ યાત્રા દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને પણ મળે તેવી શક્યતા છે. કોન્ફરન્સના ભાગરૂપે તેઓ નવાઝ શરીફના સલાહકાર તરતાજ અજીજને પણ મળી શકે છે.

માહિતીગાર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આગામી દિવસે સાંજે સુષ્મા સ્વરાજ ભારત પરત ફરશે. તેમની યાત્રા ૨૪ કલાકથી વધુ સમયની રહેશે. સુત્રોએ કહ્યુ છે કે આ બેઠક એવા સમય પર યોજીઈ રહી છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો તંગ બની ચુક્યા છે. તેમની વચ્ચે વાતચીત થઈ રહી નથી. હાલમાં મોદી અને નવાઝ શરીફ મળ્યા હતા પરંતુ તેમની વચ્ચે શુ વાતચીત થઈ તે અંગે માહિતી જાહેર કરાઈ ન હતી.

દેશમાં આત્મઘાતી હુમલાઓ કરવા તોઈબા તૈયાર

હાઈપ્રોફાઇલ લોકોને ટાર્ગેટ બનાવવાની યોજનાનો ખુલાસો : દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરમાં ઘટસ્ફોટ કરાયો : બે ત્રાસવાદીઓની ઓળખ કરાઈ : ભરચક સ્થળો ઉપર ત્રાસવાદીઓની નજર

નવીદિલ્હી,તા. ૫

ભારતમાં અનેક આતંકવાદી હુમલા માટે જવાબદાર સંગઠન લશ્કરે તોઈબા હાઈપ્રોફાઈલ લોકોને ટાર્ગેટ બનાવી રાષ્ટ્રીય પાટનગરમાં આત્મઘાતી હુમલા કરવાની ખતરનાક યોજના ધરાવે છે. દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં આ મુજબનો દાવો કરાયો છે. દિલ્હી પોલીસ આત્મઘાતી હુમલા કરવા માટે કાવતરા ઘડી ચુકેલા તોઈબાના ખતરનાક શકમંદોની શોધખોળ કરી રહી છે. આ કાવતરાનો પર્દાફાશ હાલમાં જ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા કરવામાં આવ્યો હતો. દુજાના અને અક્શા નામના બે તોઈબાના શકમંદો પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીર મારફતે જમ્મુ કાશ્મીરમાં ઘુસી ગયાના અહેવાલ મળ્યા છે.

આ અહેવાલ મળ્યા બાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. પહેલી ડિસેમ્બરના દિવસે આઈપીસીની કલમ ૧૨૦બી અને અન્ય સંબંધિત કલમો હેઠળ લોધી કોલોનીમાં સ્પેશિયલ સેલ ઓફિસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એવું જાણવા મળ્યું છે કે, આતંકવાદી સંગઠને ખતરનાક ઈરાદા ધરાવે છે. ફરિયાદ મુજબ તોઈબા દ્વારા દિલ્હી અને દેશના અન્ય વિસ્તારોમાં હુમલા કરવાનું કાવતરુ ઘડી કાઢવામાં આવ્યું છે જેના માટે કેટલાક આકાઓ દ્વારા જમ્મુ કાશ્મીરમાં અને આંતરરાષ્ટ્રીય સરહદ મારફતે ત્રાસવાદીઓને ઘુસાડી દેવામાં આવ્યા છે. જે ત્રાસવાદીઓને ઘુસાડી દેવામાં

● અનુસંધાન પાન-૫ પર

સરકાર- ભાજપના સંગઠન અને વહીવટતંત્રમાં તોળાતા ફેરફારો

૯-૧૦ ડિસેમ્બરના પાર્લામેન્ટરી બોર્ડમાં પણ પરિણામોની સમીક્ષા થવાની ચાલતી અટકળો

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી પછડાટ પછી રાજ્યમંત્રીમંડળ અને વહીવટીતંત્રમાં કેટલાક મહત્વના ફેરફારો કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાના સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

ભારતીય જનતા પક્ષ દ્વારા સરકાર, સંગઠન અને વહીવટ તંત્રમાં ફેરબદલની કવાયત ખાનગીમાં હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર સાથે સંકળાયેલા નવા ચહેરાઓને સરકારમાં સ્થાન આપવા ઉપરાંત સંગઠન ક્ષેત્રમાં પણ કેટલીક મહત્વની જવાબદારીઓ આ પ્રતિનિધિઓને સોંપવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ ઉપરાંત રાજ્યના વહીવટીતંત્રમાં પણ કેટલાક બદલાવ થશે તેમ મનાઈ રહ્યું છે. આ માસના અંત સુધીમાં વયમર્યાદાને લઈ નિવૃત્ત થનાર અધિકારીઓ અને ખાલી જગ્યાઓને ધ્યાને લઈ કેટલાક ફેરફારો આવશ્યક બન્યા હોવાથી તે પણ કરવામાં આવશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દોશો મુજબ દિલ્હી મોવડી મંડળ સાથે પરામર્શ થયા બાદ સંગઠન અને સરકારમાં ફેરફારોની દિશામાં આગળ વધવામાં આવશે. આગામી સપ્તાહમાં પ્રદેશ નેતાઓ અને મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દિલ્હી જશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં ચૂંટણીના પરિણામોને પગલે રાજકીય માહોલ પણ ગરમાયેલો જોવા મળી રહ્યો છે. હવે પછીના નવા રાજકીય સમીકરણોને લઈ અનેક તર્ક-વિતર્ક સાથેની વાતો ટોક ઓફ ધી ટાઉન બની રહી છે. સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં પણ પરિણામો પછીના આફટર શોકને લઈ સતત વાતો થતી સાંભળવા મળી રહી છે.

૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ મળનાર પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં પણ ચૂંટણીના પરિણામોની સમીક્ષા થવાની સંભાવનાઓ સાથે હવે પછી આગામી દિવસોમાં આવનારી બીજા તબક્કાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાબતે અત્યારથી જ સતર્કતા દાખવવાની વ્યુહરચના તૈયાર કરાશે તેમ મનાઈ રહ્યું છે.

ફ્લેટ વેચવાનો છે.
૧૫૪ વાર, 2 B H K,
દિવ્ય સંસ્કાર સીટી
સૂર્ય બંગ્લોઝ સામે,
ખ રોડ, પ્રમુખ બ્લીશની સામે,
સરગાસણ ચાર રસ્તા,
ગાંધીનગર. M : 9879560318

કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી
રૂ.6200 માર્ચ ૨૦૧૬
અયોધ્યા, છપૈયા, કાઠમંડુ, પોખરા, પુલહાશ્રમ,
રૂ.17300 માર્ચ ૨૦૧૬
ભક્તિ ટુર્સ 9033394250 9898485949

લે-વેચ
(ગાંધીનગર + અમદાવાદ)
પ્લોટ ● મકાન ● જમીન
લેવા તથા વેચવા સંપર્ક કરો
મો : ૦૮૪૦૧૩૭૨૦૨૦

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

Master Mind Maths
Raval institute
Master Mind Maths
Semister-2
Std : 8-9-10
Sub : Maths - Science
Fees : Rs. 5000/-
"ગણિત તો રાવલ સરનું જ"
Branch - 1 : Sec-22
Branch - 2 : Sec-2
Bhavik Raval
M - 72848 22342

aashka
MULTISPECIALITY HOSPITAL
ગાંધીનગરની સૌથી મોટી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
N.I.D. અને Dhirubhai Ambani IICT કેમ્પસની પાસે, મહાત્મા મંદિર થી ગિફ્ટ સીટી રોડ, ગાંધીનગર.
www.aashkahospitals.in તાત્કાલિક સારવાર માટે :
૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭
પ્રતિષ્ઠિત અને અનુભવી સુપરસ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર્સની સેવાઓ હવે ગાંધીનગરમાં પણ ઉપલબ્ધ

ડૉ. હરજીત કુમરા
M.D. (Medicine), Gold Medalist
પલ્મોનોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૯ થી ૧૦ (શુક્રવાર)

ડૉ. મિતુલ કોટેચા
MBBS, DNB (Internal Medicine)
રૂમેટોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૯ થી ૧૦ (સોમવાર)

ડૉ. સૌરીન દલાલ
M.D. DNB Nephrology
નેફ્રોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૧૨ થી ૨ (મંગળવાર)

ડૉ. મુકુલ ત્રિવેદી
M.B.B.S., M.S., Mch.
ઓંકો સર્જન
ઓ.પી.ડી. ૯ થી ૧૧ (ગુરૂવાર)

ડૉ. કેયુર ભાલાવત
M.S. Mch (Pediatric Surgery)
પિડિયાટ્રિક સર્જન
ઓ.પી.ડી. ૫ થી ૬ (શુક્રવાર)

ડૉ. દેવસી વિસાના
MD, DM (Neurology)
ન્યુરોલોજીસ્ટ
ઓ.પી.ડી. ૪ થી ૬ (મંગળ અને શનિ)

ડૉ. કીર્તિ પ્રજાપતિ
M.B., M.S., M.Ch.
પિડિયાટ્રીક યુરોલોજીસ્ટ/સર્જન
ઓ.પી.ડી. ૪ થી ૫ (બુધવાર)

ડૉ. સુવિધ તુરખીયા
M.S., DNB, Neurosurgery
ન્યુરોસર્જન
ઓ.પી.ડી. ૧૦ થી ૧૧ (શનિવાર)

❖ ગાંધીનગરની અદ્યતન સુવિધા ધરાવતી ૧૫૦ બેડની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
❖ ક્લાસ ૧૦૦ મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ
❖ અદ્યતન સાધનોથી સજ્જ આઈ.સી.યુ./એન.આઈ.સી.યુ./પી.આઈ.સી.યુ.
❖ ૨૪ x ૭ ઈમરજન્સી તથા ટ્રોમા સેન્ટર
❖ ૨૪ x ૭ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ (એમ્બ્યુલન્સ સેવા)
❖ ડાયગ્નોસ્ટીક સેન્ટર :-
● સીટી સ્કેન
● મેમોગ્રાફી
● હાઈ ફ્રીકવન્સી એક્સ-રે
● સોનોગ્રાફી
● ૨૪ x ૭ પેથોલોજી લેબ
❖ ૨૪ x ૭ ફાર્મસી
INITIATOR PYRAMID